# પ્રવાસન સ્થાન તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટી (નર્મદા જિલ્લો - દ.ગુ.)

ડૉ. પ્રીતિબેન એસ. પટેલ
આસીસ્ટંટ પ્રોફેસર (ઈતિહાસ)
શ્રી સર્વોદય આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કાંટ (ડીસા)

## ૧. પ્રસ્તાવના

કુદરતના ખોળે કુદરતી યાત્રા એટલે પ્રવાસ. પહેલાના સમયમાં લોકો સારું જીવન જીવવાના સાધનો પ્રાપ્ત કરવા માટે યાત્રા કરતાં હતા. પરંતુ સમય જમા વાહન વ્યવહારમાં સુવિધાજનક સુધારો આવતો ગયો જેના પરિણામે વિશ્વના દૂર-દૂરના ક્ષેત્રો નજીક આવતા ગયા. અને એક નવા ઉધ્યોગના દ્વાર ખૂલ્યા જેને આપણે પ્રવાસન ઉધ્યોગ તરીકે ઓળખીએ છીએ. પ્રવાસન ઉધ્યોગ તરીકે ઓળખીએ છીએ. પ્રવાસન એટલે મુસાફરી તેમજ ઘર- બહારના રોકાણોનો કાયમી નિવાસમાં ન બદલાય અને કમાણીની પ્રવૃતિ ન બની રહે તેમાથી ઉદભવતી એક ઘટના અને સબંધોનો સરવાળો. પ્રવાસન એક એવી સામાજિક પ્રવૃતિને આવરી લે છે કે જેમાં વ્યક્તિ પોતે સામાન્ય પણે રહેતો હોય તે સિવાયના બીજા જ દેશની ચોવીસ કલાક અથવા તેથી વધુ સમયગાળા માટેની મુસાફરી કરતો હોય.

સામાન્ય અર્થમાં કહીએ તો આનંદ પ્રમોદ કે મનોરંજનના ઉદેશની પ્રાપ્તિ અર્થ કરવામાં આવતી યાત્રા એટલે પ્રવાસન.

કે-કે-કામરા પ્રવાસનની વ્યાખ્યા અલમા કહે છે “પ્રવાસ એટલે રહેણાંકના સ્થાનેથી અન્ય કોઈ સ્થાને કામચલાઉ પ્રયાણ.”

ભારતના અનેક પ્રાચીન પ્રવાસન સ્થાનો દેશવિદેશના પ્રવાસીઓને આકર્ષે રહે. ભારતની વિવિધ સંસ્કૃતિ તેમજ ઐતિહાસિક વારસાને ધ્યાનમાં લઈએ તો આજે ભારતમાં દક્ષિણ ગુજરાત મા નર્મદા જીલ્લામાં આવેલ “સ્ટેચ્યુ ઓફ યુનિટી” વિશ્વ સ્થરે મહત્વપૂર્ણ પ્રવાસન સ્થાનના સ્વરૂપમાં સ્થાન પામેલ છે.

## ૨. નર્મદા જિલ્લો

ભરુચ જિલ્લામાંથી વિભાજિત થઈને નાંદોદ,સાગબારા,ડેડીયાપાડા તથા વડોદરા જિલ્લામાંથી તિલકવાડા આમ કુલ ચાર તાલુકાઓમથી સમાવેશ કરી ઈ.સ. ૧૯૯૭ ની ૨જી ઓક્ટોમ્બરના રોજ નર્મદા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો. તા.૨૮ ઓક્ટોમ્બર ૨૦૧૩ ના રોજ નાંદોદ તાલુકાથી હાલમાં નર્મદા જીલ્લામાં કુલ પાંચ તાલુકાઓનો સમાવેશ થાય છે.

નર્મદા એટલે “આનંદ આપનારી એવા અર્થ શબ્દકોશમાં છે. પુરાણોમાં તે રેવા નામથી ઓળખાય છે. મૈકલકન્યા નામ એટલા માટે પડ્યું કે તે ‘મૈકલ’ નામના પર્વતમાથી જન્મેલી છે. આચાર્ય હેમચંદચાર્યએ અભિધાન ચિંતામણી કોશમાં નર્મદાને ‘ઈન્દુજા’ અને ‘પૂર્વગંગા’ એવા બીજા નામો પણ આપવામાં આવ્યા છે. નર્મદા નદીને માતા તરીકે પુજવાનું ૯ મી થી ૧૦ મી સદી દરમિયાન શરૂ થયું હોવાનું મનાય છે. કલચૂરીવંશના સમયગાળા દરમિયાન નર્મદા નદીનું માતા તરીકેનું ચિત્ર સ્વતંત્ર રીતે પથ્થરો ઉપર કંદરવામાં આવ્યું. નર્મદાનાં પ્રત્યેક સ્થાને બે કાંઠે તીર્થો આવેલા છે. નર્મદાની પરિક્રમા કરવાનો ઘણો મોટો મહિમા છે.

આ જિલ્લાની આબોહવા એકંદરે સારી રહે છે. ખુશનુમા હવા, ભેજવાળું વાતાવરણથી પ્રાકૃતિક દ્રશ્ય સુંદર લાગે છે. અહી કાળી, ગોરડું, રેતાળું જમીન આવેલી છે. ગુજરાતની જીવાદોરી સમાન ભવ્ય સરદાર સરોવર ડેમ અહી આવેલો છે. આ સરદાર સરોવર સિંચાઈ યોજના દ્વારા ગુજરાતને,મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ને વીજળી મળે છે. આ જિલ્લાનો કુલ વિસ્તાર ૨૭૭૫ ચો. કિ.મી. છે.

સરદાર પટેલની વિરાત પ્રતિભા પ્રસ્તુત કરતી 'સ્ટેચ્યું ઓફ યુનિટી' પ્રતિમા વિશ્વની સૌથી મોટી પ્રતિમા છે. એકતા દિવસની ઉજવણીના કાર્ય દ્વારા સરદાર સાહેબના કાર્યો અનોખી રીતે પોંખાઈ રહ્યા છે. સરદાર પટેલે જે સપના સેવેલા, સંકલ્પો કરેલા તે અત્યારની સરકાર પૂર્ણ કરવા તરફ તે જ ઝડપે ગતિ કરી છે. આ કાર્યો થકી આ મહમાનવના કાર્યો આવનારી તમામ નવી પેઢીઓ સુધી પહોંચસે અને તેમના માટે પ્રેરક બનશે. ભારતીયોના દિલમાં નવો જુસ્સો પેદા થશે. સમગ્ર વિશ્વને ભારતની શક્તિનો પરિચય મળશે. ભારતના ખૂણે-ખૂણે વસતા લોકો વચ્ચે લોકસંબંધ બંધાશે. ભારતની દ્રઢતા, એકતા અને ક્ષમતાનો વિશ્વને પરિચય મળશે.

એન્જિનિયર, તજજ્ઞના વિષયોનો વિધ્યાર્થીઓને અભ્યાસનો વિષય પ્રાપ્ત થશે. આસપાસના વિશાળ આદિવાસી વિસ્તારનો વિકાસ પ્રબળ બનશે. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની પ્રતિમા છે. આ પ્રતિમા દેશ દુનિયાને સંદેશ આપે છે કે આ પ્રતિમા જે રીતે વિશ્વ ની સૌથી ઊંચી પ્રતિમા છે એવી વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા ભારત દેશ પાસે હતી. ભારત તેના શિલ્પીને ક્યારેય ભૂલશે નહીં.

### ૩. સ્ટેચ્યુ ઓફ યુનિટી

ભારતના લોખંડી પુરુષ સરદાર પટેલની જન્મ જયંતિ પર માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર દામોદરદાસ મોદી દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રારંભ કર્યો. વાયુસેનાના વિમાનો દ્વારા સરદારની પ્રતિમા પર ફૂલોની વર્ષા કરવામાં આવી. આ પ્રતિમા ૨,૯૮૯ કરોડ રૂપિયા ખર્ચીને બનાવવામાં આવી છે. પ્રતિમા સિવાય બીજા પાંચ અન્ય સ્થળ પણ છે જે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાની સાથે નિર્મિત કરવામાં આવ્યા છે. જેમાં વિશ્વની જાણીતી મૂર્તિઓની ઉંચાઇ સરખામણી જોતાં નીચે મુજબ છે.



**૪. પ્રતિમાની ઉંચાઈ**

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્ટેચ્યુ ઓફ ઊંચાઈ | ભારત | ૧૮૨ મીટર |
| ૨. | સ્પ્રિગ ટેમ્પલ ઓફ બુદ્ધા | ચીન | ૧૫૩ મીટર |
| ૩. | ઉસિકુ | જાપાન | ૧૨૦ મીટર |
| ૪. | સ્ટેચ્યુ ઓફ લિબર્ટી | અમેરિકા | ૯૩ મીટર |
| ૫. | ધ મધર કોલ્સ | રશિયા | ૮૫ મીટર |
| ૬. | ક્રાઈસ્ટ ધ રેડિમર | બ્રાઝિલ | ૩૯.૬ મીટર |
| ૭. | માઈકલ એન્જેલો ડેવિડ | - | ૫.૧૭ મીટર |

**૫. સ્ટેચ્યુ ઓફ યુનિટી બાંધકામની વિગત**

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ભારતની એકતા અને અખંડિતતાનું પ્રતિક “સ્ટેચ્યુ ઓફ યુનિટી” શ્રી નરેન્દ્ર મોદીએ ૭ ઓક્ટોમ્બર ૨૦૧૦ના રોજ પ્રેસ કોન્ફરન્સમાં તેમના ગુજરાતનાં મુખ્યમંત્રી પદના ૧૦મા વર્ષની શરૂઆત પર સ્મારકની જાહેરાત કરી હતી. સ્મારક પ્રચાર માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં. ખેડૂતોને તેમના વણવપરાયેલા જૂના ખેતીના ઓજારો લોખંડ ભેગું કરવા વિનંતી કરાઈ હતી. ૨૦૧૬ સુધીમાં ૧૩૫ મેટ્રિક ટનનો લોખંડ ભંગાર એકઠો કરાયો હતો. જેમાંથી ૧૦૯ મેટ્રિક ટન સ્મારકના પાયામાં વપરાયો. રન ફોર યુનિટી નામની દોડ સ્પર્ધા ૧૫ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ સુરતમાં યોજાઈ હતી.

આ સ્મારક નર્મદા બંધની સામે ૩.૨ કિ.મી. દૂર નદીમાં આવેલા સાધુબેટ પર ભરુચ નજીક આવેલું છે. આ સ્મારકનો વિસ્તાર ૨૦,૦૦૦ ચોરસ મીટર છે. સ્થેચ્યું ઓફ યુનિટી આજે વિશ્વભરના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અને તેનાથી ગુજરાતનાં ટુરિઝમ સેક્ટરને બહુ મોટો લાભ થઈ રહ્યો છે. આ સ્થાને ગુજરાતનાં પ્રવાસન સ્થાનોને વૈશ્વિક ફલક પર પહોંચાડી દીધા છે.

**૬. સ્ટેચ્યુ ઓફ યુનિટીની સરખામણીમાં અન્ય પ્રતિમાઓ**

***૬.૧ સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારત – ૧૮૨ મીટર***

ગુજરાતનાં નર્મદા જીલ્લામાં સરદાર પટેલની ૧૮૨ મિટર ઊંચી પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. જે સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી બે ગણી ઊંચી પ્રતિમા છે. જે અત્યાર સુધીની સૌથી પ્રતિમા સ્પિંગ ટેમ્પલ બુધ્ધાથી ૫૦ મીટર વધારે ઊંચી છે. સરદાર પટેલની આ મુર્તિ બનાવવા પાછળ ૩૩ મહિનાનો સમય લાગ્યો છે. સામાજિક અને ઐતિહાસિક મહત્વની આ પ્રતિમા શૂલપાણેશ્વર અભ્યારણ્ય પાસે બની છે.

***૬.૨ સ્પ્રિંગ ટેમ્પલ ઓફ બુધ્ધા: ચીન – ૧૫૩ મીટર***

ચીનના હેનનમાં બનેલી આ પ્રતિમા અત્યાર સુધીની સૌથી ઊંચી પ્રતિમા તરીકે નોંધાયેલી હતી. જે ૧૫૩ મીટર ઊંચી છે. ચીનની સરકારને આ પ્રતિમા બનાવવા ( ) સમય લાગ્યો હતો. વર્ષ ૧૯૯૭ થી તેની શરૂઆત થઈ અને જે વર્ષ ૨૦૦૮ સુધી બનીને પુરી થઈ હતી. ૨૦ મીટર પહોળી કમળની પાંખડીઓ ઉપર બનેલી બુધ્ધની આ પ્રતિમામાં તાંબુ અને લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બુધ્ધના તીર્થસ્થાન પાસે બનેલી આ પ્રતિમા વિશ્વભરમાં બૌધ્ધ અનુયાયીઓથી લઈને સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

### ૬.૩ ઉશિકુ દૈબુત્સુ : જાપાન ૧૨૦ મીટર

આ પ્રતિમા જાપાનની દુનિયાની ઊંચી પ્રતિમા તરીકે સ્થાન પામી ચુકી છે. તેનું નિર્માણ કાર્ય ૧૯૯૩ માં પૂરું થયું. વર્ષ ૧૯૯૩ થી ૨૦૦૦ સુધી તે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા હતી. આ પ્રતિમા ગૌતમ બુધ્ધની છે. બુધ્ધની એક રૂપની તર્જ ઉપર બનેલી આ પ્રતિમા ૧૨૦ મીટર ઊંચી છે. આની ખાસિયત એ છે કે કાંસા માથી સંપૂર્ણ પ્રતિમા બનાવેલી છે. મુર્તિના ચાર અલગ અલગ સ્તર છે. જે અલગ અલગ વિશેષતાઓ અંગે નિવેદન કરે છે.

### ૬.૪ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી : અમેરિકા ૯૩ મીટર

યુનાઈટેડ સ્ટેટ્સના ન્યુયોર્ક શહેરમાં બનેલી પ્રતિમા વૈશ્વિક ધરોહર માનવમાં આવે છે. જેની ઊંચાઈ ૯૩ મીટર છે. વર્ષ ૧૮૮૬માં આ સ્ટેચ્યુ ફ્રાંસ તરફથી અમેરિકા ને ભેટ કરી હતી. પેરિસમાં વર્ષ ૧૮૭૮માં વિશ્વ પ્રદર્શનીમાં આ મૂર્તિનું માથું પણ દેખાડવામાં આવ્યું હતું. આ મુર્તિ રોમન સ્વતંત્રતાની દેવીની પ્રતિકૃતિ માનવમાં આવે છે.

### ૬.૫ ધ મધર કોલ્સ : રશિયા ૮૫ મીટર

એન્જિનિયરીંગની દ્રષ્ટિએ ક્લિષ્ટ માનવામાં આવતી આ પ્રતિમા ૮૫ મીટર ઊંચી છે. આ પ્રતિમના એક હાથમાં તલવાર અને એક હાથ માં સીધી ઊંચાઈ ઉપર છે. બીજા વિશ્વયુધ્ધમાં શહીદોની યાદમાં આ મુર્તિ બનાવવામાં આવી હતી. જે રશિયાના ઔધોગિક શહેર વોલ્ગોગ્રેડમાં સ્થિત છે.

### ૬.૬ ક્રાઈસ્ટ ધ રિડીમર : બ્રાઝિલ ૩૯.૬ મીટર

આ બ્રાઝિલ શહેર રિયો ડિ જેનેરોમાં આવેલી ઈસુ ખ્રિસ્તની એક વિશાળ પ્રતિમા છે. જેની ગણના વિશ્વની વિશાળત્તમ કલાત્મક પ્રતિમા તરીકે થાય છે. આ પ્રતિમાની ઊંચાઈ ૩૯.૬ મીટર છે. જેમાં તેની ૯.૫ મીટર ઊંચી પિઠિકાનો પણ સમાવેશ થઈ જાય છે. જ્યારે તેની પહોળાઈ ૩૦ મીટર છે. તેનું વજન ૬૩૫ ટન (૬,૩૫,૦૦૦ કિલો) છે. અને તે શહેરની સરહદ પર આવેલા તિજુકા વન રાષ્ટ્રીય ઉદ્યાનના કોર્કોવડો, પર્વતના ૭૦૦ મીટર (૨,૩૦૦ ફૂટ) ઊંચા શિખર પર બિરાજમાન છે.

ખ્રિસ્તીધર્મના પ્રતિકરૂપ આ ક્રાઈષ્ટ ધ રિડિમરની પ્રતિમા રીઓની જનેરો અને બ્રાઝિલની ઓળખ સમાન બની ગઈ છે. આ પ્રતિમા બ્રાઝીલના ખ્રિસ્તી સમાજ માટે એક અગત્યનું પ્રતિક છે. આ પ્રતિમા પ્રબલિત કાંકરેટ અને શંખપુરીના પથ્થરની બનેલી છે. અહીં પ્રતિમા સુધી જવા માટે રસ્તા ટિકિટ કાઉન્ટર, ફૂડકોર્ટ, એપ્રોચ હાઈવે તેમજ શ્રેષ્ઠ ભારત ભવનમાં સ્મારક દેખવા માટે આવવા વાળા પ્રવાસીઓ માટે રહેવા માટે ૫૨ રૂમોની સુવિધાવાળી એક (તીન સિતારા) હોટલની સગવડ પણ ઉપલબ્ધ છે.

૩૧ મી ઓક્ટોમ્બર, ૨૦૧૮ ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસની નિમિત્તે એક વિશાળ સમારોહમાં સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી (સ્ટેચ્યું ઓફ યુનિટી) પ્રતિમાનું ઉદ્ધઘાટન માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સવારે ૯:૩૦ વાગ્યે મંત્રોના ઉચ્ચારણ સાથે કર્યું. તેમણે ૩૧ ઓક્ટોમ્બર ૨૦૧૩માં આ પ્રોજેક્ટનો આધારશીલા ચૂકી હતી. આ કર્ય ૩૩ માહિનામાં સમયવિધિ પ્રમાણે પૂર્ણ કરવામાં આવ્યું.

ગુજરાતમાં સદર્કવ બંધ પાસે બનેલી ૧૮૨ ફૂટ ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની આ પ્રતિમા નહી કે માત્ર દુનિયામાં સૌથી ઊંચી જ નહિ, પરંતુ સૌથી ઓછા સમયમાં બાંધકામની દ્રષ્ટિએ બંધાયેલી પ્રતિમા છે. ન્યુયોર્કમાં સ્થાપિત સ્ટેચ્યુ ઓફ

લિબર્ટીની ઊંચાઈ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ બે ગણી વધારે છે. જે માત્ર 33 મહિનામાં પૂર્ણ કરેલ છે. તેમજ ચીનમાં આવેલી સિંપંગ ટેમ્પલની બુધ્ધની પ્રતિમાંને બનાવવામાં ૧૧ વર્ષ જેટલો સમય લાગ્યો હતો.

આ પ્રતિમા જોવા માટે ઓનલાઈન ટિકિટ દ્વારા રજીસ્ટ્રેશન કરવાની સુવિધા છે. દર સોમવારે આ પ્રતિમા જોવા માટે બંધ રાખેલ છે. તેમજ મંગળવારના અને રવિવારના રોજ સવારે ૮:૩૦થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી ટિકિટ મળે છે. આ ઉપરાંત પ્રતિમા સ્થળ પર ટિકિટ લેવા માટેની વ્યવસ્થા કરેલ છે. અને મોબાઈલ એપ પણ બનાવેલ છે. જેના દ્વારા તેનાથી પણ ટિકિટ કરાવી શકાય.

### ૭. સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિશેષતાઓ

- લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ દ્વારા ૨,૯૮૯ કરોડના ખર્ચે નિર્મિત સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧,૭૦૦ ટન કાંસુ અને બહાર આવરણનું કામ ૧,૮૫૦ ટન કાંસામાથી બનાવેલ છે. અંદર કોંક્રિટ સિમેન્ટ (૧૮૦,૦૦૦ ઘન મીટર) પ્રબલિત સ્ટીલ (૧૮,૮૦૦) ટન અને સંરચિત સ્ટીલ (૬,૫૦૦ ટન) થી બનાવેલ છે.
- ૫.૬ ફીટ ઈંચ ઊંચાઈના એક ગણા વ્યક્તિના થી આ પ્રતિમા ૧૦૦ ઘણી વધારે છે.
- પ્રતિમાના મૂળ ૧૫૩ મીટર ઊંચાઈમાં બે હાઈસ્પીડ પેસેન્જર લિફ્ટ બનાવેલી છે, જે આપણને પ્રતિમાના છાટીના ભાગ પાસે એક ગેલેરી સુધી લઈ જાય છે. આ લિફ્ટમાં ૨૦૦ પર્યટકો બેસી શકે છે. આ નર્મદા નદીના સુરમ્ય વાતાવરણ અને સતપુડા, વિધ્યાચળની પર્વતોથી ઘેરાયેલા તેના બંધને જોવાની સારી જગ્યા છે.
- ગુજરાત સરકાર દ્વારા પ્રવાસીઓ માટે દૂર સુધીના પહાડી વિસ્તારોમાં સરદાર પટેલનું સંગ્રહાલય અને ઓડિયો વિજ્યુઅલ ગેલેરી અને તીન સિતારા હોટલના નિર્માણની પરિસ્થિતિઓની તત્ર બનાવવાની પ્રયત્ન કર્યા છે
- સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ ૩૧ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ થયું હતું અને ઓક્ટોમ્બર ૨૦૧૮માં બાંધકામ પૂર્ણ થયું ૩૩ માહિનામાં આ કાર્ય પૂર્ણ થયુ જેનો ખર્ચ ૨૧૦૦ કરોડથી વધારે થયો છે. ૩૧ ઓક્ટોમ્બર ૨૦૧૮ના રોજ સરદાર જયંતીનો ૧૪૩માં દિવસે નરેન્દ્રભાઈ મોદીએ તેનું વિધિવદ ઉદઘાટન કર્યું.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રષ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.
- આ સ્મારક અમેરિકાના ન્યુયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટી (૯૩ મીટર) થી લગભગ બમણી ઊંચાઈ અને રિઓ ડી જીનરોની ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઈષ્ટ ધ રેડીમર કરતાં પાંચ ગણી ઊંચાઈ ધરાવે છે.
- ૧૮૨ મીટર ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનો રેકોર્ડ ધરાવનાર ચીનના ૧૫૩ મીટર ઊંચા સિંપંગ ટેમ્પલ બુધ્ધાનો રેકોર્ડ તોડ્યો છે.
- આ સ્ટેચ્યુની ચહેરાની ઊંચાઈ ૭૦ ફૂટ, ખભાની પહોળાઈ ૧૪૦ ફૂટ છે. આ સ્ટેચ્યુ કોપર, ઝીંક, ટીન અને લેડની મિશ્રિત ધાતુથી બનાવવામાં આવ્યું છે. જેથી તેને કાટ લાગી શકે નહીં.
- બ્રોંન્ઝ આવરણ ધરાવતી વિશ્વની આ સૌથી ઊંચી પ્રતિમા ૨૨,૬૦૦ ચો.મી. આવરણ અને ૧૭૦૦ મેટ્રિક ટન વજન ધરાવે છે.
- ૬.૫ ની તીવ્રતાને ભૂકંપ પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીને કઈ પણ નુકસાન પહોંચાડી શકે નહીં, તેટલી મજબૂત આ પ્રતિમાનો બનાવવામાં આવી છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટમાં અંદાજે ૭૦ હજાર ટન સિમેન્ટ, ૨૪,૦૦૦ ટન રીઈન્ફોર્સમેન્ટ સ્ટીલ, ૬૦૦૦ ટન સ્ટ્રક્ચર સ્ટીલનો ઉપયોગ થયો છે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ (લાર્સન એન્ડ ટુબ્રો) કંપની દ્વારા માત્ર ૩૩ માહિનામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. જે એક વર્લ્ડ રેકોર્ડ છે. આ પ્રતિમાની ડીઝાઈન તૈયાર કરતાં ૧૩ મહિનાનો સમય લાગ્યો હતો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રતિમાનું નિર્માણ એટલે વિશ્વમાં એકતા-અખંડિતતાનો સંદેશ આપવાની સાથે "એક ભારત શ્રેષ્ઠ ભારત" ના મંત્રની પ્રતીતિ.

- દેશભરના ગામડાઓની માંટીમાથી નિર્મિત “વૉલ ઓફ યુનિટી” નું નિર્માણ સ્ટેચ્યુ ઓફ યુનિટીની પરિસરમાં કરાયું છે.
- આ પ્રતિમા બનાવવા માટે દેશભરના ખેડૂતો પાસેથી ૧૩૫ મેટ્રિક ટન લોખંડ એકઠું કરવામાં આવ્યું હતું.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી ભારતની દ્રઢતા, ક્ષમતા અને એકતાનો વિશ્વને પરિચય થશે. આ સ્મારક એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ અને તજજ્ઞો માટે અભ્યાસનો વિષય બનશે.
- સરદાર સરોવર બંધ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ દોઢ ગણી વધારે છે.
- આ સ્થળ પર સંયુક્ત રાષ્ટ્રની છ અધિકારીત ભાષાઓમાં સાઈન બોર્ડ લગાવેલા છે, જેથી પ્રવાસીઓને કોઈ મુશ્કેલી ન નડે. પ્રતિમાના નિર્માણ માટે નર્મદા જીલ્લામાં બે પુલ બનાવવામાં આવ્યા છે. આમ, સરદાર પટેલની વિશાળ પ્રતિમાની પ્રવાસન ઉદ્યોગને અદભૂત વેગ મળશે.

## ૮. રામ વી સુથાર : શિલ્પકાર

સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઈન ભારતના મહાન સ્થાપત્યકાર રામ વી. સુથાર દ્વારા કરવામાં આવી છે. રામ સુથારને વર્ષ ૨૦૧૬માં પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા છે. આ પહેલાં તેમને વર્ષ ૧૯૯૯માં “પદ્મશ્રી” થી સન્માનીત કરવામાં આવ્યા હતા.તેમને વર્ષ ૨૦૧૬ માં “ટાગોર સાંસ્કૃતિક સદભાવના એવોર્ડ” માટે પસંદ કરવામાં આવ્યા. આ ભારતીય શિલ્પકાર તેમની કારકિર્દીના છેલ્લા ચાલીસ વર્ષમાં પચ્ચાસ કરતાં વધારે સ્મારકો બનાવી ચૂક્યા છે.

રામ વી. સુથાર સાહેબનો જન્મ ૧૯ ફેબ્રુઆરી ૧૯૨૫નાં રોજ મહારાષ્ટ્રનાં ધુલિયા જિલ્લાના ગોંડુર ગામમાં એક ગરીબ વિશ્વકર્મા પરિવારમાં થયો હતો. તેમના પત્ની પ્રેમિલાબેન અને પુત્ર અનિલ છે. તેમના પુત્ર પણ એક શિલ્પકાર છે. ભારતના મધ્યપ્રદેશના ગાંધી સાગર ડેમના 45 ફૂટ ચંબલ સ્મારકનું તેમનું પ્રથમ નોંધપાત્ર કામ હતું. હનવોવરમાં રામ.વી. સુથાર દ્વારા મહાત્મા ગાંધીની મૂર્તિ બનાવી હતી. તેમના પ્રારંભિક માર્ગદર્શન શ્રી રામકૃષ્ણ જોષી હતા. તેમના કાર્યોમાં સૌથી વધુ જાણીતું તે મહાત્મા ગાંધીનું પ્રતિનિધિત્વ છે. જે તેમણે શિલ્પ કર્યું છે. જે વિશ્વભરમાં ઓળખી શકાય છે. અને તેની નકલો ફ્રાન્સ, ઈટાલી જેવા અન્ય દેશોમાં ભારત સરકાર દ્વારા રજુ કરવામાં આવી હતી. તેમની અન્ય જાણીતી શિલ્પકૃતિ મહારાજા રણજીતસિહની ૨૧ ફૂટ ઊંચી અશ્વારોહણ મૂર્તિ છે જે તેમણે અમૃતસર માટે બનાવી હતી. આમ, તેમના પુત્ર અનિલ સુથાર પણ પ્રખ્યાત સ્થાપત્યકાર છે. હાલમાં તેઓ મુંબઈના દરિયામાં નિર્માણ પામનારી શિવાજી મહારાજની પ્રતિમા શિવસ્મારકની ડિઝાઈન તૈયાર કરી રહ્યા છે.

આમ, સરદાર સાહેબની વિશાળમુર્તિના મુખ્ય એન્જિનિયર,ડિઝાઈનર,પદ્મભુષણ શ્રી રામ વાનજી સુથાર સાહેબે ૯૩ વર્ષની ઉંમરના છે જે આજના યુવાનને પણ શરમાવે તેવી રીતે પોતાના કલાકૃતિમાં નિપુર્ણ છે.

## ૯. SOCદ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આઠમી અજાયબીમાં સ્થાન

ચીનના શાંઘાઈ કો.ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SOC) દ્વારા ટુરિસ્ટ (પ્રવાસન) પ્રોજેક્ટ હેઠળ રાજ્ય દેશોમાંથી આઠ અજાયબીની યાદી જાહેર કરવામાં આવી. જેમાં ગુજરાતમાં આવેલી ૧૮૨ મીટર ઊંચી સરદાર પટેલની પ્રતિમા, સ્ટેચ્યુ ઓફ યુનિટીને પણ સામેલ કરાઈ છે.

ચીનના શિયાન ખાતે ચાલી રહેલા યુરેશિયન ઈકોનોમિક ફોરમ દરમિયાન (SOC) (ચીનના શાંઘાઈ-કો ઓપરેશન ઓર્ગેનાઇઝેશન) ના ટુરિસ્ટ પ્રોજેક્ટનું પ્રદર્શન કરાયું હતું. આ પ્રદર્શનમાં (SOC) માં આઠ સભ્ય દેશોમાં ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે સભ્ય દેશોની ઐતિહાસિક ઈમારતો અને જોવાલાયક સ્થળોમાંથી આઠ અજાયબીઓ પસંદ કરી

યાદી જાહેર કરવામાં આવી. આ આઠ સભ્ય દેશોમાંથી બનાવેલી અજાયબીઓની યાદીમાં ભારતનું સ્ટેચ્યુ ઓફ યુનિટી સિવાય અન્ય સાત અજાયબીઓની પસંદગી કરાઈ છે. જેમાં.....

- કજાખસ્તાનના તમગાલી ગોર્જના પ્રાચીન લેન્ડસ્કેપ
- કિર્ગીસ્તાનનું ઈઝીક કુલ તળાવ
- તાજિકિસ્તાનનો નવરુઝ પેલેસ
- ઉઝબોકિસ્તાનનું પો-આઈ-કલાન કોમ્પ્લેક્ષ
- પાકિસ્તાનના લાહોરમાં આવેલો મુઘલકાળનો વારસો
- રશિયાની ગોલ્ડન રિંગનો સમાવેશ થાય છે.

જેમાં આઠમાં નંબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીને સ્થાન મળ્યું છે જે ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે. (SOC) એ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન સંસ્થા છે. જેની સ્થાપના વર્ષ ૨૦૦૧માં થઈ હતી. શરૂઆતમાં આ સંસ્થામાં ચીન, કઝાકિસ્તાન,કિગ્રિસ્તાન,રશિયા,ઉઝબેકિસ્તાન અન તાજિકિસ્તાન દેશો સામે4ળ હતા. પાછળથી વર્ષ ૨૦૦૭માં ભારત અને પાકિસ્તાન જોડતા આ સંગઠન દેશોની સંખ્યા આઠ થઈ. આ યાદીમાં (સ્ટેચ્યુ ઓફ યુનિટી)ને સામેલ કરાયાની માહિતી વિદેશમંત્રી એસ.જયશંકરે આપી હતી.

આ સંસ્થાનો મુખ્ય હેતુ સભ્ય રાષ્ટ્રો વચ્ચે વિશ્વાસ અને પાડોશીધર્મની ભાવનાને વધુ દ્રઢ બનાવવાનો, તેમજ સભ્ય રાષ્ટ્રો વચ્ચેનો વેપાર, આર્થિક સંશોધન ટેકનોલોજી અને સંસ્કૃતિના આદાન-પ્રદાન અને સહભાગીપણાને પ્રોસ્તાહન પૂરું પાડવાનો છે. આ સંગઠનનું મૂખ્ય મથક બિંજિંગ ખાતે આવેલું છે.

આમ, દક્ષિણ ગુજરાતનાં પ્રવાસન સ્થાન તરીકે "સ્ટેચ્યુ ઓફ યુનિટી" (જિ-નર્મદા) જે વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા (સ્મારક) તરીકે સ્થાન પામેલ છે. પ્રવાસીઓ આ સ્થાનથી માહિતગાર થાય તેમજ પ્રવાસન સ્થાનના જતન માટે તેમજ પ્રવાસન પ્રવૃત્તિના વિકાસ માટે આ સંશોધન પેપરમાં આ સ્થાનનો અભ્યાસ કરેલ છે.

## સંદર્ભસૂચી

1. नर्मदा घाटी विकासयात्रा "नर्मदा नियंत्रण पौधोकिरण पुस्तिका" जि- नर्मदा, वर्ष :२०१९, पृ-२
2. આર, વિશાલ અને પ્રા.મનીષા પરમાર "પ્રવાસનની વિભાવના અને વિનિયોગ" સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ પાંચમું
3. દાવડા, નિતેશ 'પંચાલયુવા સંગઠન પ્રવચન' ગુજરાત પ્રદેશ, વર્ષ-૨૦૧૮.
4. પટેલ, અશોક "પ્રવાસન ગુજરાત" શંકરણગાર સોસાયટી, અમદાવાદ પ્રથમ આવૃત્તિ-૨૦૧૩ પ્ર-૧
5. પટેલ, કૃષ્ણપ્રસાદ ઝ. "જય હો મૈયા નર્મદા" ગુર્જર ગ્રેથરત્ન કાર્યાલય, અમદાવાદ-પ્રથમ આવૃત્તિ-૨૦૧૦ પ્ર-૩૮
6. પાઘડાળ, સંજય અને અજય પટેલ, ભારતનો સાંસ્કૃતિક વારસો, 'યુવા ઉપનિષદ પબ્લિકેશન' પાંચમી આવૃત્તિ, ૨૦૨૦-પૃ-૨૩.
7. શાહ, મુકેશ (તંત્રી) રાષ્ટ્રીયતાનું ઉદઘોષક સાધના સાપ્તાહિક, અંક-૬, એલિસબ્રિજ અમદાવાદ, ડિસે.-૨૦૧૯.
8. Sharma, R. K. Trivari (સંપા.) The Eternal Narmada Sacred Landscape and Living Tradition, Any book International New Delhi, First A-2017: 225
9. www.wikipidia.org